પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Midday National News at 1.20 PM to 1.30 PM 02-02-2023**

**આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.**

---

- સંસદમાં વિપક્ષોએ હિન્ડન બર્ગનાં અહેવાલ તેમજ અન્ય મુદ્દાઓ અંગે સૂત્રોચ્ચાર કરતાં બંન્ને ગૃહોની બેઠક બપોરે બે વાગ્યા સુધી મુલતવી.
- ભારતીય અન્ન નિગમે 22 રાજ્યોમાં ઓનલાઇન હરાજીથી 8 લાખ મેટ્રીક ટનથી વધુ ઘઉંનું વેચાણ કર્યું.
- પર્યાવરણને અનુકુળ સમાજ જીવન અપનાવવા કરવા કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલનો અનુરોધ.
- મેઘાલય વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ આજે ઉમેદવારોની યાદી જાહેર કરાશે.
- મહિલા ટવેન્ટી-ટવેન્ટી વિશ્વકપ વિજેતા ટીમને ક્રિકેટ બોર્ડ પાંચ કરોડ રૂપિયા પુરસ્કાર આપશે.
- ---------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# PAR-ADJOURN

સંસદના બંન્ને ગૃહોમાં વિપક્ષોએ હિન્ડન બર્ગનાં અહેવાલની ભારતીય શેરબજારો પર થઈ અસર તેમજ અન્ય મુદ્દાઓ અંગે સૂત્રોચ્ચાર કરતાં બંન્ને ગૃહોની બેઠક બપોરનાં બે વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે. લોકસભાની બેઠક આજે સવારે મળતાં કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે સહિત વિવિધ પક્ષોનાં સભ્યો હિન્ડન બર્ગ અહેવાલનાં મુદ્દે તપાસની માંગણી કરતાં ગૃહનાં મધ્યમાં ધસી ગયાં હતાં.ગૃહનાં અધ્યક્ષ ઓમ બિરલાએ સૂત્રોચ્ચાર અને વિરોધ કરી રહેલાં વિપક્ષોનાં સાંસદોને પોતાની બેઠક પર પાછા ફરવાની અપીલ કરી હતી. જોકે, સૂત્રોચ્ચાર અને વિરોધ ચાલુ રહેતા લોકસભાની બેઠક બપોરનાં બે વાગ્યા સુધી મુલતવી રખાઈ હતી.

એવી જ રીતે રાજ્યસભામાં વિપક્ષનાં સભ્યોએ એલઆઈસી, અને જાહેર ક્ષેત્રોની બેંકો દ્વારા કરાયેલાં રોકાણ અંગે ચર્ચાની માંગણી કરતાં તથા સભા મોકૂફીની દરખાસ્તા રજૂ કરતાં સભાપતિ જગદીપ ધનખડે દરખાસ્તનો અસ્વીકાર કર્યાં બાદ વિપક્ષે સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. ગૃહની બેઠક બપોરનાં બે વાગ્યા સુધી મુલતવી રખાઈ હતી.

# FCI – WHEAT AUCTION

ભારતીય અન્ન નિગમે મુક્ત બજાર વેચાણ યોજના હેઠળ 22 રાજ્યોમાં ઈ-ઓક્શન પધ્ધતિથી 8 લાખ મેટ્રીક ટનથી વધુ ઘઉંનું વેચાણ કર્યું છે. અન્ન નિગમે સેન્ટર પુલમાં ઈ-ઓક્શનમાં રખાયેલ 25 લાખ મેટ્રીક ટન પૈકી 22 લાખ મેટ્રીક ટન ઘઉંનું વેચાણ કર્યું હતું.

ગ્રાહક બાબતોનાં મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશમાં ઘઉં અને ઘઉંનાં લોટની વધતી જતી કિંમતને અંકુશમાં લેવા આ નિર્ણય લેવાયો હતો. સૂત્રોનાં જણાવ્યાં મુજબ ઘઉંનું ઈ-ઓક્શન પધ્ધતિથી વેચાણ આગામી માર્ચનાં બીજા અઠવાડિયા સુધી ચાલુ રહેશે.

# DAY-GUWAHATIG20 MEETING

કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે સ્વચ્છતા સાથેનું  અને પર્યાવરણને અનુકુળ સમાજ જીવન અપનાવવા અને આ હેતુથી કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવા સહિયારા પ્રયાસ કરવા અનુરોધ કર્યો છે. તેઓ, આસામના ગુવહાટી ખાતે જી-20 સંગઠનના સભ્ય દેશોની ટકાઉ નાણાકીય કાર્ય જૂથ – SFWGની બેઠકનું ઉદ્ઘાટન કરતા બોલી રહ્યા હતા.

તેમણે રાષ્ટ્રીય વિકાસ માટે ભારતે અપનાવેલી ટકાઉ વિકાસની નીતિની જાણકારી આપી હતી. ઉદ્ઘાટન સત્ર બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી સોનોવાલે કહ્યું કે આબોહવામાં આવી રહેલા પરિવર્તનના લીધે માનવ જાતિ માટે મોટો પડકાર ઉભો થઇ રહ્યો છે. આજથી શરૂ થયેલી SFWG ની બેઠકમાં થનારી ચર્ચા આ સમસ્યા ઉકેલવામાં મદદરૂપ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

# MEGHALAYA-BJP

ભાજપ મેઘાલય વિધાનસભાની ચૂંટણી માટેના ઉમેંદવારોનાં નામની જાહેરાત આજે કરે તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાની 60 બેઠકોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ 7 મી ફેબ્રુઆરી છે.અમારા સંવાદદાતા જણાવે છે કે, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, અને એનપીપી પક્ષોએ 60 બેઠકોનાં ઉમેદવારોનાં નામની જાહેરાત કરી દીધી છે.

# U-19 woman's cricket

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ - બીસીસીઆઈએ 19 વર્ષથી ઓછી ઉંમરની મહિલા ખેલાડીઓ માટેની પ્રથમ ટવેન્ટી- ટવેન્ટી વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં વિજય મેળવનાર ભારતીય મહિલા ટીમને પાંચ કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે, સુકાની શેફાલી વર્માનાં નેતૃત્વ હેઠળની ભારતીય ટીમે ટવેન્ટી- ટવેન્ટી વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલમાં ઈંગ્લેન્ડને સાત વિકેટ પરાજય આપ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધા જીતનાર ભારતીય મહિલા ટીમને અભિનંદન આપ્યા હતાં.

# GULMARG-AVALANCE

કાશ્મીરનાં ગુલમર્ગમાં કોગડોઆરી ખાતે હિમપ્રાપાત થતાં પોલેન્ડનાં બે નાગરીકોનાં મોત નિપજ્યાં છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે હિમપ્રપાતનાં કારણે સંબંધીત વિસ્તારમાં અટવાયેલાં રશિયા અને પોલેન્ડનાં 19 પર્યટકો અને બે સ્થાનિક ગાઈડને બચાવી લીધા છે.

# SRILANKA PETROL PRICE

શ્રીલંકામાં ઓક્ટેન 92 પેટ્રોલની કિંમતમાં 30 રૂપિયાનો વધારો કરાતાં આ શ્રેણીનાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટરે 400 રૂપિયા થયો છે. સિલોન પેટ્રોલિયમ કોર્પોરેશને જણાવ્યું છે કે, અન્ય શ્રેણીનાં ઈંધણોની કિંમત યથાવત્ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે શ્રીલંકાની સરકારને સરકારી ખર્ચ ઘટાડીને અથવા આવક વધારીને બજેટ ખાધ અંકુશમાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

# MYANMAR

મ્યાનમારની સલામતી પરિષદે, દેશમાં ચુંટણી પાછી ઠેલવા ઇમરજન્સીની મુદતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. મિલિટરી જુન્તાના વડા મીન ઓંગ હિલીયંગે જણાવ્યું છે કે મ્યાનમારમાં બે વર્ષ સુધી અમલમાં રહેલા મિલિટરી શાસન અંગે તેમણે પરિષદને આપેલા અહેવાલના આધારે આ નિર્ણય લેવાયો છે.

આ અહેવાલમાં વર્ષ ૨૦૨૦ માં યોજાયેલી ચુંટણીમાં ગેરરીતિના આરોપસર મ્યાનમારમાં છેલ્લા બે વર્ષથી અમલમાં મુકાયેલા સેનાના શાસનને યોગ્ય ઠેરવવામાં આવ્યું છે. આ સામાન્ય ચુંટણીમાં નેશનલ લીગ ફોર ડેમોક્રેસી પક્ષને ભવ્ય વિજય મળ્યો હતો.

# DOVAL-BLINKEN

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ગઈકાલે વોશિંગ્ટનમાં સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરી હતી. બંને પક્ષોએ પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓની વિશાળ શ્રેણી અને ભારત-યુ.એસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત કેવી રીતે કરવી તે અંગે મંતવ્યો નું આદાન પ્રદાન કર્યું.

એક ટ્વિટમાં, શ્રી બ્લિંકને જણાવ્યું હતું કે, યુ. એસ  વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે ભારત સાથે સહયોગનું વિસ્તરણ કરી રહ્યું છે.

યુ.એસ ડેપ્યુટી સેક્રેટરી ઑફ ડિફેન્સ ડૉ. કૅથલિન હિક્સે અજીત ડોભાલ સાથે મુલાકાત કરી. તેઓએ યુ.એસ-ભારત સંરક્ષણ સહયોગ અને પ્રાદેશિક સુરક્ષા મુદ્દાઓ સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરી.

# SRILANKA-DEPRESSION

બંગાળની ખાડીમાં ઉદભવેલું હવાનું હળવું દબાણ શ્રીલંકાના પૂર્વ કિનારાથી જમીન ઉપર પ્રવેશીને શ્રીલંકાના જમીન વિસ્તારમાં આગળ વધી રહ્યું છે. આના કારણે ઉત્તર, ઉત્તર-મધ્ય અને પૂર્વ પ્રાંતોમાં મોટાભાગના વિસ્તારોમાં જોરથી પવન ફૂંકવાની સાથે સાથે ૧૦૦ મીલીમીટર સુધી વરસાદ થવાની શક્યતા છે.

# Panchamrut event

ભારે ઉદ્યોગમંત્રી ડોક્ટર મહેન્દ્રનાથ પાંડે શનિવારે હરિયાણાના માનેસરમાં  પંચામૃત કાર્યક્રમનું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પંચામૃત કી સોગતની ઘોષણાને અનુરૂપ, આ કાર્યક્રમ દેશમાં ઓટોમોટિવ ઉદ્યોગના પ્રમોશન અને વિકાસ માટે મંત્રાલય દ્વારા લેવામાં આવેલી પહેલોને પ્રકાશિત કરશે.

આ પ્રસંગની  નવીનતાની ઇકોસિસ્ટમ વિકસાવવાના હેતુથી યોજનાઓના અમલીકરણ પર વિચારણા કરવા માટે એક ક્રિયાપ્રતિક્રિયા સત્રનું પણ આયોજન કરશે જે લીલા અને સ્વચ્છ ગતિશીલતા ઉકેલોને સક્ષમ કરશે અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં મદદ કરશે.

# UGC Chairman

વર્ષ 2023-24નાં અંદાજપત્રમાં ઉચ્ચ શિક્ષણ માટે 44 હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. UGC નાં અધ્યક્ષ એમ. જે. કુમારે જણાવ્યું હતું કે, ગયાં વર્ષની સરખામણીએ આ વર્ષનાં અંદાજપત્રમાં ઉચ્ચ શિક્ષણ માટેની ફાળવણીમાં 7.9 ટકાનો વધારો કરાયો છે. આના લીધે નવી શિક્ષણ નિતીનાં અમલીકરણમાં અને અદ્યતન ટેકનોલોજીનાં ઉપયોગ માટે મદદ મળશે. શ્રી કુમારે વધુમાં જણાવ્યું કે, વધારાનાં રકમની મદદથી ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધુ સારી થતાં વિદ્યાર્થીઓને પણ મદદ થશે.

# JOSHIMATH-PREFABRICATED SHELTERS

ઉત્તરાખંડનાં જોશીમઠમાં અસરગ્રસ્ત લોકો માટે આશ્રયસ્થાનોનાં નિર્માણની કામગીરી ચાલી રહી છે. જોશીમઠમાં હોર્ટીકલ્ચર વિભાગની જમીન પર અસરગ્રસ્તો માટે આશ્રયસ્થાનો બાંધવામાં આવી રહ્યાં છે.

એવી જ રીતે જોશીમઠ નજીકનાં ઢાક ગામમાં પ્રથમ તબક્કામાં વિજળી અને પાણીની સુવિધાવાળા પંદર આશ્રયસ્થાનો બાંધવામાં આવી રહ્યાં છે. જ્યારે તબક્કાવાર 200 આશ્રયસ્થાનો બાંધવામાં આવશે. જિલ્લા મેજીસ્ટ્રેટ હિમાંશુ ખુરાનાએ આશ્રયસ્થાનો બાંધવાની કામગીરીનું  નિરિક્ષણ કર્યું હતું. દરમિયાન જોશીમઠમાં પરિસ્થિતી ધીરે-ધીરે સામાન્ય બની રહી છે.

# Cricket - T-20

ભારતે અમદાવાદમાં રમાયેલી ત્રીજી ટી-20 ક્રિકેટ મેચમાં ન્યૂઝીલેન્ડને 168 રને પરાજ્ય આપીને 2-1થી શ્રેણી જીતી લીધી છે.

ભારતે શુભમ ગીલના - 126 અને રાહુલ ત્રિપાઠીના - 44 રનની મદદથી નિર્ધારીત 20 ઓવરમાં 4 વિકેટે 234 રન નોંધાવ્યા હતા. જવાબમાં ન્યૂઝીલેન્ડ 12.1 ઓવરમાં માત્ર 66 રન જ નોંધાવી શકતા ભારતે ત્રીજી મેચમાં વિજય સાથે શ્રેણી વિજય મેળવ્યો હતો.

ન્યૂઝીલેન્ડના ડેરીયેલ મિશેલે 35 રન કર્યા હતા. ભારતના હાર્દિક પંડ્યાએ 16 રન આપીને ચાર વિકેટો ઝડપી હતી. શુભમ ગીલને પ્લેયર ઓફ ધ મેચ, જ્યારે હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ સિરીઝ પુરસ્કાર અપાયા છે.